ओ३म्

आर्य अने वैष्णव युवकोनो संवाद.

રચનાર

ગિરિજાશંકર, નિર્ભયરામ શર્મા.

મંત્રી૦ મુંબાઇ, પ્ર૦ આ૦ પ્ર૦ સભા.

ગીરગામ કાકડવાડી બેકરોડ-મુંબાઇ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

ભીખાભાઈ દલસુખરામ પટેલ.

દરિયાપુર રૂપાપરી-અમદાવાદ.

અમદાવાદ—ટંકશાળમાં ધી યુનિયન પ્રિન્ટીંગ પ્રેસ કંપની લીમીટેડમાં મોતીલાલ સાંકળદાસે છાપ્યું.

વિક્રમાબ્દ ૧૯૭૧. ઇસ્વીસન ૧૯૧૪. દયાનંદાબ્દ ૩૨.

સૃષ્ટ્યબ્દ ૧૯૭૨૯૪૯૦૧૭

પ્રથમાવૃત્તિ. પ્રત ૧૦૦૦

કીંમત રૂ. ૦-૦-૬ પાઇ.

॥ ओ३म् ॥

ઇશ્વર સ્તુતિ.

---

(૧)

સુખે વા દુઃખે વા પરિષદિ નૃણાં વાતી વિજને,
ગૃહે વા બાહ્યે વા ગિરિષુ શિખરે વાસુપુલિને;
દિને વા રાત્રૌ વા ઉષસિ દિવસાન્તેથ રમણે,
ભજધ્વં હે ધીરા સુમતિ વિમલાઓમ્ યદિ સદા.

(૨)

રવૌચંદ્ર જ્યોતીર્વિવિધગણુ રમ્યે વિયતીચ,
સમિરેગ્નૌ ભૂમા વિહ નિખિલ દેહે સ્વ સુયતે;
વયં પશ્યામસ્તે સુભગ મહિમાનં સુમુદિમ્,
ભજધ્વં હે ધીરા ! સુમતિ વિમલાઓમ્ હૃદિ સદા.

ગોવર્ધનરામ—ઓ હો હો હો ! ભાઈ મહાશંકર જયગોપાલ જયગોપાલ તમે તો હમણાં ઘણા કામમાં રોકાયલા રહો છો જેથી કાંઈ દર્શનજ થતાં નથી.

મહાશંકર—ભાઈ ગોવર્ધનરામ નમસ્તે નમસ્તે ! હા હમણાં જરા એવુંજ બને છે. જેથી આપના દર્શનનો લાભ લઇ શકતો નથી. ક્ષમા કરશો.

ગોવર્ધનરામ—નમસ્તે સાંભળતાની સાથે ચોંકે છે અને એકદમ આગળ સાંભળ્યા શિવાય જરા છેટે જઇને ઉભા રહે છે અને વિચાર કરે છે) અરે. રાધાકૃષ્ણ પ્રભુ આ રસ્તે જતાં નાસ્તિક મનુષ્ય વળી ક્યાંથી મળ્યો. દેવા ! દેવા ! આ નમસ્તે ભાઈ તો દિવસે દિવસે ઘેર ઘેર ભરાતો જાય છે અને જ્યાં જઇએ છીએ ત્યાં “નમસ્તે કુચ્છ નહિ સમજતે” નાં વારંવાર દર્શન થયા કરે છે. એનું કારણ શું છે તે કાંઇ સમજાતું નથી. શિવ ! શિવ ! (વિચારમાંને વિચારમાં બાજુમાં ઉભા રહે છે એટલામાં સુરત નિવાસી મ. ગંગારામભાઇ આવે છે.)

ગંગારામ—જયસી કસન, જયસી કસન મ. મહાશંકરભાઇ

આપની તબીયત તો સારી છે ને ? બહુ દિવસે આપનાં દર્શન થયાં. આપ આનંદમાં તો છોને ?

મહાશંકર —મ. ગંગારામભાઇ ! નમસ્તે. નમસ્તે. પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી તેમજ આપના શુભ આશિર્વાદથી હું આરોગ્ય છું અને ઇચ્છું છું કે આપની તબીયત પણ આરોગ્ય હશે.

ગંગારામઃ—(નમસ્તે સાંભળતાની સાથે જરા છેટે જઇને) ઓ તારી ? આ નમસ્તે નમસ્તે શાનું કર્યા કરે છે અને આ હું ? જગતમાં હડહડતો કલીયુગ આવ્યો. જ્યાં જઇએ ત્યાં નમસ્તે ! નમસ્તે ! ભાગવતમાં નારદે ખરૂં કહ્યું છે કે મૃત્યુ લોકમાં ધર્મનો લોપ થઇ ગયો છે. કલીયુગે પોતાનો પગ જમાવ્યો છે. અને લોકોએ દેવ ભક્તિ, શ્રદ્ધાને માનવાનું છોડી દીધું છે અને જ્યાં ત્યાં લોકો આપણા કૃશન ભગવાનને ભુલી ગયા છે.

અરે ક્રશ્નભગવાન હે ક્રશ્નભગવાન હવે તું અવતાર લે ભાઇ કે આ નમસ્તે વાલા ઠેકાણે આવે.

(એમ કરીને મ. ગંગારામભાઇ વિચારમાં પડે છે અને બાજુ ઉપર ઉભા રહે છે એટલે મહાશંકરભાઇ બન્નેની પાસે જઇ તેમને કહે છે.)

મહાશંકર—અરે મ. ગોવર્ધનરામભાઇ ! અને મ. ગંગારામભાઇ ! આપ મને જોઇને એવા તે શું મોટા વિચારમાં પડી ગયા છો કે તમને બન્નેને એક એક બાજુમાં ખુણા રોકવા પડયા છે. મને સમજાવો તો ખરા. આપની તબીયત તો સારી છે. મારા બોલવામાં કાંઇ ભુલતો નથીને ?

ગોવર્ધનરામ—અરે એ વાત જવાદોને કાંઇ કહેવાનું રહ્યું નથી.

મહાશંકર—અરે ભાઇ ! પણ કહ્યા વિના શું સમજણ પડે ? કાંઇ નહિ.

ગંગારામ—(વચ્ચમાં જ ગુસ્સે થઇને) અરે પણ નહિ નહિ શું કર્યા કરો છો મનમાં હોય તે કહી દોને. તમને શરમ લાગતી હોય તો મને ફરમાવો એટલે હું કહી નાંખું.

ગોવર્ધનરામ—હા ભાઇ હા તમેજ કહી દો.

ગંગારામ—જુઓ સાંભળો મહાશંકરભાઇ અમારા આ ભાઇના મનમાં જોઇએ તેમ હોય તેમ પરંતુ હું તો આપને સાચું કહી દઉં છું કે તમને અમે જયશ્રી ક્રશ્ન કહ્યા અને તમે અમને નમસ્તે કહ્યા

ત્યારથી આપણા પેટમાં તો તેલ રેડાયું અને વિચાર થયો કે તમારા જેવા ભણેલા. ગણેલા અને વિદ્વતાવાલાને આ નમસ્તેનું ઝોડ ક્યાંથી વળગ્યું ?

ગોવર્ધનરામ—હા ! ગંગારામભાઈ મારા મનમાં પણ એમજ આવી ગયું છે તમે જયગોપાળ કહો, રાધાકૃષ્ણ કહો. સાહેબજી કહો પરંતુ ભાઈ આ નમસ્તે તો કહેવુંજ નહિ.

ગંગારામ—સત છે. સત્ છે. મ. ગોવર્ધનભાઇએ બરાબર કહ્યું છે. તમે વળી ઇંગ્રેજી શીખ્યા હોતો ગુડમોર્નિંગ કહો. ઉર્દુ હો તો આલેકુમ સલામ કહો પરંતુ એ નમસ્તે તો નહિજ. શું એ નમસ્તે આપણા વેદમાં છે ? જેથી તમે નમસ્તે કહેવા લાગ્યા છો ? આ નમસ્તેની બલા તો પેલી નાસ્તિક સભા કે જેનું નામ આર્યસમાજ છે તેણે નવું કાઢયું છે. તેમાં વળી તમે ક્યાંથી ફસાઇ ગયા ?

મહાશંકર—(હસીને) ભાઇ શાન્તિ ધરો, ગભરાઓ નહિ ! આપણા વેદમાં નમસ્તે છે. આપણા ધર્મ શાસ્ત્રોમાં પણ નમસ્તે છે. છે. અને મહારાજ રામચંદ્ર જેવા ભદ્ર પુરૂષો અને ઋષિમુનીઓ તે નમસ્તે શબ્દનો પ્રાચીનકાળમાં પ્રયોગ કરતા હતા તેના પૂરાવામાં ઘણાં પુસ્તકોનાં પ્રમાણો છે.

ગોવર્ધનરામ—એમ હોય તો તે પ્રમાણો જણાવોને એટલે ખાત્રી થાય.

મહાશંકર—એમ ? તો સાંભળો. યર્જુવેદના (૧૬) મા અધ્યાયનો (૧) લો મંત્ર એ છે કેઃ—**नमस्ते रुद्र मन्य व उद्द ततोषवे नमः इत्यादि**. અને *(૧૭) મા અધ્યાયનો ! (૧૧) મો મંત્ર એ છે કે **नमस्ते हरसे शोचिषे नमस्ते अस्त्वर्चिषे**. આથી આપ જોઇ શકશો કે યજુર્વેદમાં નમસ્તે શબ્દથી પરમેશ્વરની સ્તુતિ કરી છે વળીઃ—

नमस्ते सते ते जगत्कारणाय
नमस्ते चिते सर्व लोकाश्रयाय ॥
नमोद्वैततत्वाय मुक्तिप्रदाय
नमो ब्रह्मणे व्यापिने शाश्वताय ॥

આ શ્લોકથી પ્રમાણુ સહસ્રિ નામના પુસ્તકમાં પરમાત્માની સ્તુતિ કરી છે. તથા ઉત્તર રામચરિત્રના ગ્રંથમાં મહારાજ રામચંદ્રજી

મહારાષિ સીતાજીને કહે છે કે **देवि रघुकुलदेवते नमस्ते.** વળી મહારાજ રામચંદ્રજી આગળ ચાલતાં ભગવતી ગોદાવરિને કહે છે કે **भगवति गोदावरि नमस्ते** અને શ્રીમતી વાસંતી મહારાજ રામચંદ્રજીને કહે છે કે **देवदेव नमस्ते.**

આ પરથી આપ જોઇ શકશો કે હું નમસ્તે કહું છું તે આર્યસમાજે ઉપજાવી કાઢેલો નવો શબ્દ નથી પરંતુ વૈદિક શુદ્ધ સનાતન શબ્દ છે. અને વેદમાં તથા પ્રાચીન આર્ય પુરૂષોએ વાપરેલો શુદ્ધ નમસ્તે શબ્દ વાપરવામાં નાસ્તિકપણું બતાવવામાં આવે તેથી મને ઘણો શોક થાય છે અને વિચાર થાય છે કે શું ભારત વર્ષ પોતાના પવિત્ર ગ્રંથો અને શિષ્ટાચારથી આટલું બધું અનભીજ્ઞ છે?

કહે છે કે ભારત વર્ષ એક વખત ઉન્નતિના શિખરપર હતું. તેમાં તત્વજ્ઞ પુરૂષો વસતા હતા. અને સંસારના પદાર્થોના, ઇશ્વર અને જીવના વિષયનાં વિશુદ્ધ તત્વોપર વિચાર કરનાર મહાન ઋષિઓ તેમાં વાસો કરતા હતા. વેદ જેવા ઇશ્વરી જ્ઞાનની મંત્ર ધુનિ વિદૂષી સ્ત્રીઓ આ પુણ્ય ભુમિમાં વસતી હતી. તે પવિત્ર ભારતવર્ષમાં, આજ મારા જેવા અલ્પજ્ઞ મનુષ્યો વસે છે તેઓ નમસ્તે શબ્દના તત્વને નહિ જાણી તે નાસ્તિક સંસ્થાનો શબ્દ છે એમ માને છે. અરે ઋષિ મુનિઓના ભારત વર્ષ હે પવિત્ર આર્યભુમિ! શું તારા ઉદરમાં આવાં પણ મનુષ્યો વસે છે. કે જેઓ પોતાની માતૃભાષાનો આવકાર આપવા માટેનો નમસ્તે શબ્દ વિસરી ગયા અને અન્ય ભાષાના સલામાલેકુમ અને ગુડ્‌મોર્નિંગ શબ્દો વાપરવાની ભલામણ કરે છે.

આ ઋષિ ભૂમિની આવી સ્થિતિ જોઇને તેના અંતરપટમાં રહેનાર એવો કયો સંતાન હશે કે જેને શોક થયા વિના રહેશે.

ગોવર્ધનરામ—ખરેખર ભાઇ મહાશંકર મેં તેમ કરવામાં ભુલ કરી છે. તમારૂં કહેવું સત્ય જણાય છે.

ગંગારામ—એ એ ગોરધનભાઇ આમ આવો. આટલીવારમાં આવા લટુ શાના બની ગયા. એ મહાશંકરભાઇ પોતાનો કક્કો ખરો કરવાને મનમાં આવે તેમ મોઢે કડકડાટ બોલી જાય છે પરંતુ એમાં ગપ મારી હશે તો કોને ખબર? એ પુસ્તક આપણી પાસે રજુ કરવાનું તેમને કહો. એમ કરીંગ લઇને તડતડ મોઢે બોલી ગયા તેમાં કાંઇ વળ્યું નહિ સમજણ પડે છે કે?

મહાશંકરભાઇ—ગંગારામભાઇ હું ગપ મારતો નથી. જુઓ

આપ યજુર્વેદનું પુસ્તક, આ પ્રમાણુ સહસ્ત્રીનું પુસ્તક અને આ ઉત્તર રામચરિત્ર જે મારી પાસે છે તે આપની આગળ રજુ કરૂં છું તેમાં જોઇ લ્યો.

ગોવર્ધનરામ—(વાંચે છે) ભાઇ ગંગારામ બરાબર નમસ્તે શબ્દ લખેલો છે જેથી મારી હવે સોળે સોળ આના ખાત્રી થઇ ગઇ.

ગંગારામ—અરે શાની સોળેસોળ આના ખાત્રી થઇ ગઇ. કંઇ સમજ્યા વિના ઢળી પડો છો. પહેલાં એ તો તપાસો કે એ પુસ્તકનો બનાવનાર કોઇ આર્યસમાજી તો નથી ? જુઓ બધાને પહોંચાશે પણ આ આર્યસમાજીઓને નહિ પહોંચાય. પોતાને હાથે પુસ્તક લખે અને પછી આપણને સમજાવે. માટે બરાબર તપાસ કરવી જોઇએ. ગોરધનભાઇ ! એ પુસ્તક મારી પાસે લાવો હું જરા તપાસું (તપાસે છે) આ આર્યસમાજનું તો પુસ્તક નથી. સનાતની પુસ્તક છે. છતાં પણ તેમાં નમસ્તે લખેલું છે તેનું કારણ શું મહાશંકરભાઇનું કહેવું ખોટું તો નથી. હશે મહાશંકરભાઇ ! માની લ્યો કે એ નમસ્તે શબ્દ સનાતની પુસ્તકોમાં લખ્યો છે. પરંતુ એ આર્યસમાજનો શબ્દ છે તેનું શું ?

મહાશંકર—અરે ભાઈ આ તમે શું બોલો છો એ શબ્દ આર્ય સમાજનો પણ હોય તો તેથી તમારૂં શું ગયું ? એ શબ્દ વેદવિહિત છે એટલે આપણે તો તે માનવોજ જોઇએ કેમ ગોવર્ધનરામભાઇ ખરૂં ને ?

ગોવરધનરામ—આપનું કહેવું સત્ય લાગે છે.

ગંગારામ—વળી બોલ્યા સત્ય લાગે છે, શું સત્ય લાગે છે કપાલ આર્ય સમાજ તો નાસ્તિક સંસ્થા છે આપણા પેલા ગુજરાતી પત્રમાં પણ વ્યાખ્યાન કોવિદ શાસ્ત્રી નારાયણ ગીરધરે આર્ય સમાજને અર્ધ નાસ્તિક સંસ્થા કહી છે. આપણાથી તે આર્યસમાજનો શબ્દ કેમ માની શકાય ?

ગોવર્ધનરામ—વાહભાઇ વાહ તમે પ્રશ્ન ઘણો સારો કાઢયો છે તમે વળી છાપાં બાપાં વાંચતા લાગો છો.

મહાશંકર—ગંગારામભાઇ, આર્ય સમાજ નાસ્તિક સંસ્થા છે એમ કહેવામાં આપણી પાસે શું પ્રમાણુ છે ?

ગંગારામ—અરે ભાઇ વળી એમાં પ્રમાણુ શું ને પ્રમાણુ નહી શું એમાં શું પ્રમાણુ છે ? અરે એતો ઉઘાડું છોગ છે કે આર્યસમાજ

વેદને માનતી નથી. ઇશ્વરને તો એણે અદ્ધર ઉડાડયો. તથા મુર્તિઓનું તો તે પડાપડ ખંડન કરે છે. આ નાસ્તિકપણું નહિ તો શું? અરે હડહડતું નાસ્તિકપણું ચોખ્ખું નાસ્તિકપણું મનુમહારાજે કહ્યું છે કે **नास्तिको वेद निन्दकः** માટે આર્યસમાજ નાસ્તિક નહિ તો શું? કેમ ગોરધનભાઇ!

ગોવર્ધનભાઇ—વાહ ગંગારામભાઇ વાહ તમે તો ખુબ પોઇન્ટ પર પોઇન્ટ કાઢો છો?

મહાશંકર—ભાઇઓ તમે આર્યસમાજના સિદ્ધાંતો જાણ્યા શિવાય કેટલાક સ્વાર્થી લોકોના ભમાવવાથી ભમી જઇને આર્યસમાજ વેદ અને ઇશ્વરને નથી માનતી અને તેથી તે નાસ્તિક સંસ્થા છે એમ કહો છો તેને માટે મને તો ઘણી દીલગીરી થાય છે.

ગંગારામ—(ખાનગીમાં) ભાઇ ગોવર્ધનરામ! જોયું કે કેવા ગભરાય છે. ગભરાય છે એટલે દીલગીરી બતાવે છે. (ખુલ્લી રીતે) એમાં વળી દીલગીરી શાની થાય છે. અમે તો જે સાંભળ્યું છે તે ચોખ્ખું કહીએ છીએ. દીલગીરી થતી હોય તો ના પૂછીએ અને અમે અમારે ઘેર ચાલ્યા જઇએ કેમ ગોરધનભાઇ બોલ્યા નહિ?

ગોવર્ધનરામ—ખરૂં છે, એમ હોય તો ચાલ્યા જઇએ આપણુને આવો વિવાદ કરવાની નવરાશ છે? આમાં આપણાં છોકરાં શું બાજરી ખાવાનાં હતાં.

મહાશંકર—ભાઇ અકળાવ નહિ તમે લોકોના કહેવાપર વિશ્વાસ રાખો છો અને સત્ય વસ્તુ શું છે તે તપાસતા નથી તેથીજ મને દિલગિરિ થાય છે. પરંતુ તમે મને જે પ્રશ્નો પુછો છો તેને માટે તો ઘણોજ આનંદ થાય છે. જુઓ મારી પાસે આર્યસમાજના નિયમો છે તેમાં પ્રથમજ નિયમ એવો છે કે:—

(૧) " સર્વ સત્ય અને જે પદાર્થ વિદ્યાથી જાણવામાં આવે છે તે સર્વનું આદી મૂળ પરમેશ્વર છે.

જો પરમેશ્વરને આર્યસમાજ નજ માનતી હોત તો પરમેશ્વર છે એવો પહેલોજ નિયમ ક્યાંથી રાખત. વળી આર્યસમાજનો બીજો નિયમ જુઓ તેમાં લખ્યું છે કેઃ—

(૨) " વેદ સત્ય વિદ્યાઓનું પુસ્તક છે, વેદ ભણવા ભણાવવા અને સાંભળવા સંભળાવવા એ સર્વે આર્યોનો પરમધર્મ છે. આવી રીતે વેદને પણ આર્યસમાજ માને છે છતાં આપ કહો છો કે તે

વેદની નિંદા કરે છે માટે તે નાસ્તિક સંસ્થા છે તે કેવી રીતે માની શકાય? ખેર મેંતો પવિત્ર નમસ્તે શબ્દને માટે શાસ્ત્રનાં પ્રમાણો આપ્યાં પરંતુ મહાશય જયકૃષ્ણ, જયશ્રીગોપાલ સાહેબજી સલામાલેકુમ અને ગુડમોર્નિંગાદિ શબ્દોને માટે જો આપની પાસે કંઈ ધર્મશાસ્ત્રોનાં પ્રમાણો હોય તો બતાવો કે મને કાંઈ શીખવાનું મળે.

ગંગારામ—વળી એમાં પ્રમાણ શું ને પ્રમાણ નહિ શું? વળી આપણા બાપદાદા કરતા આવ્યા તે કરવું તેમાં વળી પ્રમાણ શું ને પ્રમાણ નહિ શું? અમારા ગુરૂ કહે છે કે તમે જયશ્રીકૃષ્ણ કહો તેથી અમે તે કહીએ છીએ. પછી વળી તેમાં પ્રમાણ શું ને પ્રમાણ નહિ શું?

મહાશંકર—ભાઇ ગંગારામ! આપના બાપ દાદા રેલ ગાડી યા આગબોટ વિગેરેમાં બેસતા હતા?

ગંગારામ—તે વખતે વળી ગાડી નહિ હતી અને તેથી તેઓ નહોતા બેસતા વળી આવા અવળચંડા પ્રશ્નો શું પુછો છો?

મહાશંકર—મ. ગંગારામ ભાઇ! હું આપને અવળચંડા પ્રશ્નો પુછતો નથી. પરંતુ તમે મારી પાસે પ્રમાણો માગ્યા! તો હું પણ આપને પ્રમાણો પુછુંછું. તેમાં મારો અપરાધ થયો હોય તો માફ કરશો.

ગંગારામ—અરે માફ શું જાઓ જાઓ મારા મહેરબાન નકામું માથું ખાઇ જાઓ છો.

ગોવર્ધનરામ—ભાઈ ગંગારામ આમ ગુસ્સે ન થાઓ આપણે એક ખરા મુદ્દા પર આવીશું કે તેમના હાંજા નરમ પેલી મૂર્તિપુજાનું તે લોકો ખંડન કરે છે તેનો તેમણે કેમ જવાબ દીધો નહિ. મને તો લાગે છે કે તેમાં કંઇક પોકળ છે માટે તેમને તેવો પ્રશ્ન પુછવો જોઇએ.

ગંગારામ—હા સત્ય છે ચલાવો.

ગોવર્ધનરામ—ભાઈ મહાશંકર! તમારી આર્યસમાજ તો મૂર્તિપુજાનું ખંડન કરે છે અને મૂર્તિપુજાનું ખંડન તેનો ચોખી નાસ્તિક્તા મૂર્તિઓનું ખંડન એ આપણો ધર્મ નથી.

મહાશંકર—ભાઇઓ તમે ભુલો છો. આર્યસમાજ મૂર્તિઓનું ખંડન કરતી નથી પણ મૂર્તિપૂજાને માને છે. માતા, પિતા, આચાર્ય અને અતિથી એ સર્વ પ્રત્યક્ષ દેવતાઓ છે, તેમનો સત્કાર કરવો તથા શ્રદ્ધાપૂર્વક સેવા કરવી તે તેમની પુજા છે. આવા પ્રકારની દેવ યા મૂર્તિપુજા આર્યસમાજ હર્ષપૂર્વક માને છે.

ગંગારામ—ત્યારે આત્મમંદિરોમાં જે મૂર્તિઓ છે તેને દરિયામાં પધરાવવાનું કહે છે ?

મહાશંકર—નહિં બંધુ નહિ.

દોહરો.

ભણો ઇતિહાસ મોટાના, લહો મન સાર તો તેના;
કરો ઉમંગથી–તેવું, પુંજાનો સાર છે એઓ.

મહાપુરૂષોની જે મૂર્તિઓ છે તે સર્વ દેવાલયમાં રાખો અને તેમને માટે બીજો નિરર્થક ખર્ચ ન કરતાં તે મહાપુરૂષોના ઇતિહાસોને વાંચો અને તેમનું ચારિત્ર્ય સમજી તે પ્રમાણે વર્તન કરો તો તમે તેમની સત્ય પૂજા કરી એમ કહેવાય. આવી શુદ્ધ મુર્તિપૂજા કરો એમ આર્યસમાજનું કહેવું છે.

ગોવર્ધનરામ—એટલે જરા સ્પષ્ટ કરીને સમજાવો.

મહાશંકર—જુઓ એક રામનું મંદિર છે, તેમાં રામચંદ્રજીની મુર્તિ છે એમની આપણે પુજા કરવી હોય તો તેમનું જીવન વૃતાંત વાલ્મિકિ રામાયણમાંથી વાંચવું. અને તેમણે જે પ્રમાણે વર્તન કર્યું હોય તે પ્રમાણે કરવું તે તેમની પુજા છે.

ગોવર્ધનરામ—ત્યારે શું તેમને ગંધાક્ષત પુષ્પ ચઢાવવાની જરૂર નથી ?

મહાશંકર— ભાઇ ! સંસાર વ્યવહારમાં વિચરતી સમયે તે મહાન આત્માનું સ્મરણ કરી તેમને પગલે પગલે ચાલવું તે તેમને ગંધાક્ષત પુષ્પ ચઢાવ્યા કરતાં ઘણુંજ ઉત્તમ છે. તે સ્વચ્છ મૂર્તિને તેના અસલ સ્વરૂપમાં રહેવા દઇ તેના ગુણોનું અંતઃકરણમાં અભિધાન કરી તે પ્રમાણે વર્તવાગાંજ આપણે તેમની પુજા કરીએ છીએ. દાખલા તરીકે મહારાજ રામચંદ્રજીએ પોતાના પિતાની આજ્ઞાનું પાલન કરવા ખાતર પોતાનાં સંસારનાં સર્વ સુખોને તિલાંજલી આપી અને માતા કૌશલ્યાને કહ્યું છે કેઃ—

नास्ति शक्तिः पितुर्वाक्यं समतीक्रमोतुं मम ।
प्रसादये त्वां शिरसा गन्तुमोच्छाम्यहं वनम् ॥

(ભાવાર્થ) " હે માતા ! મારા પિતાની આજ્ઞાનું ઉલંઘન કરવું તે મારી શક્તિથી બહાર છે માટે હું તો આપને નમન કરીને વનમાં જઇશ. "

આવી રીતે ધર્માત્મા રામ જેવા પોતાની પ્રતિજ્ઞા અને પિતા સેવામાં દૃઢ રહ્યા. તે પ્રમાણે કરવું તેનું નામ તે તેમની પૂજા અને તેજ ગંધાક્ષત અને પુષ્પ.

ધરીને ગંધ પુષ્પાદિ કરો સેવા બહુ ખાંતે.
પરંતુ પાળતાં આજ્ઞા ચઢોછો કોર્ટમાં જાતે;
કહો છો ભાગ મુકી ઘો નહિ તો થઇશ હું ભુંડો,
લઇ સોલીસીટર સાથે કરીશ કંઇ કેર હું કુડો,

ગંધાક્ષત પુષ્પ ચઢાવ્યાં પરંતુ માતા પિતાની આજ્ઞા પાળવાનો સમય આવે ત્યારે શાંતિથી તેમ નહિ કરતાં નજીવી બાબતોને માટે પોતાના પિતા સામે વકીલ અને બારીસ્ટરોને રોકી હજારો રૂપિયા તેમાં ખરચી પોતાને, પોતાના પૂજ્ય પિતાને અને તેની લાખો રૂપિયાની મિલ્કત બરબાદ કરવામાં આવે છે. અને ! તેથી પોતે અને પોતાનો પિતા ભીખારી બને છે. આવી રીતે વર્તન કરનારાઓ રામભક્ત કહેવાય નહિ. તેમના જેવું નૈતિક વર્તન તેજ તે મહા પુરૂષની પૂજા એમ મારૂં માનવું છે.

ગંગારામ—અરે ભાઇ ! તમે કહો છો તે કાંઇ આપણા મગજમાં ઉતરે છે, પરંતુ રામ ભગવાન તો સંસારમાં લીલા કરવાને આવ્યા હતા તે તેમ કરીને ચાલી ગયા તો આપણાથી તે વળી તે મહા પુરૂષોના પગલે ચાલી શકાતું હશે ? આપણું તે ગજું શું આ નાને મોઢે મોટી મોટી વાતો કરવી તે કોઇને આદાશીશી ચઢે એવી વાત લાગે છે. સમજ્યા મારા મહેરબાન.

મહાશંકર—મહાશય ! ભગવાનને સંસારમાં લીલા કરવા કેમ આવવું પડયું ?

ગંગારામ—ધર્મનું સ્થાપન કરવા.

મહાશંકર—ભાઇ ! ધર્મનું સ્થાપન શી રીતે થાય ?

ગંગારામ—નીતિ અને સત્કર્મો લોકોને કરી બતાવવાથી.

મહાશંકર—હાં ! બરાબર. ત્યારે ગંગારામભાઇ રામચંદ્રે નીતિ અને સત્કર્મો કર્યા તે બધી લીલા હતી માટે આપણે તે પ્રમાણે ચાલવું કે નહિ ?

ગંગારામ—તમે બહુ વાચાળ છો તેથી અમને થોડી થોડીવારમાં બાંધી લ્યો છો. પરંતુ અમારે એરામ બામ નહિ જોઇએ કોઇ પણ ઠેકાણે મહારાજ કૃષ્ણે એવું લખ્યું છે કે “ હું સંસારમાં આવ્યો

છું અને આ કર્મો કરૂં છું તે એટલા માટે કે અન્ય મનુષ્યો તેનું અનુકરણ કરે ?"

મહાશંકર—હા ભાઇ હા. તેમણે તેમ કહ્યું છે. તમે ભગવદ્‌ગીતાને માનો છો કે નહિ ?

ગંગારામ—એ કેવો સવાલ કરો છો ? ભગવદ્‌ગીતા જેવા પવિત્ર પુસ્તકને આ ગંગારામ ન માને ? એમ કોઇ દિવસ બને ? કેમ ગોરધનભાઇ બોલ્યા નહિ.

ગોવર્ધનરામ—સાચી વાત છે. તમારા કહેવામાં પાજીભારનો ફરક પડતો નથી.

મહાશંકર—સાંભળો ભગવદ્‌ગીતાના (૩) જા અધ્યાયના ૨૧ મા શ્લોકમાં લખ્યું છે કે:—

यद् यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।
स यत्प्रमांण कुरुते लोकस्तदनुवर्तते ॥

દોહરો.

કહે છે કૃષ્ણગિતામાં કરો કીધું જે જન માટે,
ખરી પુજા નહિં થાયે કદાપિ પુષ્પને ચોડે.

ભાવાર્થ - જેમ શ્રેષ્ટ મનુષ્યો છે તે પ્રમાણે અન્ય લોકો વર્તે છે માટે શ્રેષ્ટ પુરૂષોએ સારાં કામ કરવાં જોઇએ. આપરથી આપ સમજી શકશો કે મહારાજ કૃષ્ણચંદ્ર કહે છે કે મહાત્માઓનાં વર્તનો સામાન્ય માણસને અનુકરણિય છે.

ગંગારામ—આ પ્રમાણ તે વળી અહિં લાગું પડે કે ? આના ઉપર તમે હમારી પાસે પ્રમાણ માગવાની ચતુરાઇ કરતા હતા કે ? તમે કહો છે કે **स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते** એટલે સારા માણસો જે કર્મો કરે છે તેનું બીજાઓ અનુકરણ કરે છે. તેને મારા પ્રશ્નની સાથે સંબંધ શું ? મેં તમને પુછ્યું કે કૃષ્ણ મહારાજે ગીતામાં એમ કહ્યું હોય કે " હું જે કર્મો કરૂં છું તે એટલા માટે કે અન્ય તેનું અનુકરણ કરે " તો તમે બીજા સારા માણસોની વાત કરો છો આને તે વળી પ્રમાણ કહેવાય ? એવું ચોખ્ખુંચટ પ્રમાણ હોય તો બતાવો કે જેમાં કૃષ્ણ મહારાજે મેં જેમ જણાવ્યું તેમ કહ્યું હોય. નહિ તો આવો શાસ્ત્રના વિષયમાં વિવાદ કરવાનું મુકી દો સમજ્યા સાહેબ.

મહાશંકર—(હસે છે) આપને જેમ યોગ્ય લાગે તેમ આપ બોલો તેનો મને ગુસ્સો નથી. પરંતુ મહાશયજી ભગવદ્દગીતામાં તમે કહો છો તેમજ લખ્યું હોય તો પછી આપને સંતોષ થશે કે ?

ગંગારામ—અરે મારા મહેરબાન પછી તો કાન પકડવાની વાત અમારા કૃષ્ન ભગવાને કહ્યું તે અમારે માનવુંજ જોઇએ.

મહાશંકર—એમ ? ત્યારે સાંભળો મેં તમને આગળ જે ભગવદ્દગીતાનો શ્લોક કહ્યો તેની પછી તેજ અધ્યાયમાં (૨૨) અને (૨૩) શ્લોકો છે ને ચોખ્ખા શબ્દોમાં તમને જે જોઇએ છીએ તેજ કહે છે. તેમાં કહ્યું છે કેઃ—

न मे पार्थास्ति कर्तव्यं त्रिषु लोकेषु किंचन
नानवाप्तमवाप्तव्यं वर्तएवच कर्मणि.
यदि ह्यहं नवर्तेयं जातु कर्मण्यतन्द्रितः
मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ सर्वशः

(ભાવાર્થ) કૃષ્ણ કહે છે કે હે ! અર્જુન.

નથી કર્તવ્ય કંઇ મારે રહ્યું કરવું અહીં બાકી,
કરૂં છું લોકહીત કાજે કરે મુજ ટેક મન રાખી.

ત્રણ લોકમાં મારે હવે કાંઇ કર્તવ્ય નથી કારણ કે પ્રાપ્ત થવા જેવું એવું સંસારમાં અન્ય સુખ છે નહિ. તોપણ કર્મો કરવામાં હું પ્રવર્ત થાઉં છું. કદાચિત હું આળસ છોડીને કર્મ ન કરૂં તો હે અર્જુન ! જે મનુષ્યો મને અનુકુલ માર્ગપર વર્તન કરે છે તેઓનું પછી શું થાય ? એટલે હું જે કર્મો કરૂં છું તે કર્મો અસત્ય પંથપર લેઈ જનાર હોય તો પ્રજા તે માર્ગપર ચાલી પોતાના કલ્યાણનો વિનાશ કરે છે. આથી મહાશય ગંગારામજી આપ સ્પષ્ટ રીતે સમજી શકશો કે મહારાજ કૃષ્ણચંદ્ર યોગેશ્વર લોકોને પોતાના બતાવેલા માર્ગ પર ચાલવા માટે સંસારમાં સત્કર્મો કરી ગયા છે. હવે આપને કાંઈ ખાત્રી થાય છે કે ?

ગંગારામ—વાહ ! વાહ ! મહાશંકરભાઈ તમે તો ખુબ કરી. આ આપના મહારાજ કૃષ્ણનાં વચનો આપણા કાળજામાં ઉતરી પડયાં છે. આપણને આ શ્લોકની તો સચોટ અસર થઈ છે,

મહાશંકર—ઠીક ત્યારે હવે તમે મુર્તિપુજાનું પ્રકરણ સમજી ગયા હશો. મહારાજ રામચંદ્ર, મહારાજ કૃષ્ણચંદ્રાદિ મહાત્માઓનાં સત્કર્મો

પ્રમાણે વર્તન કરવું તે તેમની પુજા છે. અને આવા પ્રકારની મુર્તિ પુજા કરવાને આપે આર્યસમાજને લેશ માત્ર વાંધો નથી. અને જ્યારે આ પ્રમાણે છે ત્યારે તમારાથી તે પવિત્ર અને ધર્મોદ્ધારક સંસ્થાને નાસ્તિક સંસ્થા શી રીતે કહી શકાય. ભાઇ લોકોનું કહેવું સાંભળવું મુકી ઘો અને તેનાં પુસ્તકો વાંચી અને ઉચિત લાગે તો મારી માફક તેમાં ભળો.

ગંગારામ—ઓ ગોરધનભાઇ આપણે તો થાકી ગયા. આ ભાઇ તો કરકરાત અને તરતરાટ જવાબ આપે છે. એક કહીએ છીએ ને પાંચ સંભળાવે છે. હવે એમને પુછીએ શું? એ તો ઉલટા આપણને આર્યસમાજમાં દાખલ થવાનું કહે છે.

ગોવર્ધનરામ—ભાઇ આપણે તો તે મહાશયના ઉત્તર સાંભળીને સડકજ થઈ ગયા છીએ અને જ્યારે આમ છે તો મારી તો આર્ય સમાજમાં દાખલ થવાની સત્તાણું ટકા મરજી થઈ છે. તમારો શું વિચાર છે?

ગંગારામ—બોલ્યા, સત્તાણું ટકા મરજી થઈ ગઈ છે. બીજો કાંઈ મુદ્દો કાઢવાનો નહિ અને સટ દઇને બોલ્યા કે મને પણ આર્ય સમાજમાં દાખલ થવાની મરજી થઇ ગઇ છે (વિચાર કરીને) ગોરધનભાઇ! હવે આ છેલ્લો એક નવો ઇસ્યુ કાઢું છું. (વચમાં)

ગોવર્ધનરામ—અરે ભાઈ! એ વળી ઇશ્યું શું?

ગંગારામ—ઓ તારી એટલું પણ નથી સમજતા. ઇશ્યું એટલે મુદ્દા પોઇન્ટ, અને મને લાગે છે કે એ બહાર મુકતાની સાથે ઝટ દઇને આપણા ભાઇસાહેબનું મોઢું બંધ થઈ જશે. ભાઇ! મહાશંકર! તમે અમને આર્યસમાજમાં દાખલ થવાનું કહો છો પરંતુ અમારા બાપદાદાનો ધર્મ છોડી અને તે ધર્મમાં કેમ અવાય? મહારાજ કૃષ્ને ગીતામાં લખ્યું છે કે "स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः એટલે કે પોતાનો ધર્મ જોઇએ તેવો હોય તોપણ તેમાં મરી જવું બહેત્તર શ્રેષ્ઠ છે પરંતુ પારકો ધર્મ ઘણો સારો હોય તોપણ તે ભયાવહ છે. માટે હમારાથી તે ધર્મમાં કેમ આવીજ શકાય તમને પણ હું આજ્ઞા કરૂં છું કે તમે પણ તમારો ધર્મ છોડયો તે ગીતાવાક્ય પ્રમાણે મહાન પાપ કર્યું છે. કેમ ગોરધનભાઇ બોલ્યા નહિ.

ગોવર્ધનરામ—તમે કહો છો તે સત્તર આના છે પણ મને તો લાગે છે કે હમણાં તડાક ઉત્તર મળશે એટલે આપણે જ્યાં હતા ત્યાંના ત્યાં થઇ રહીશું.

મહાશંકર—બંધુઓ એ ગીતા વાક્યનો ભાવાર્થ સમજવામાં ભુલ થઈ છે. ગુણ કર્મ સ્વભાવથી થતી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યાદિ જે વર્ણો છે તેના ધર્મ પ્રમાણે વર્તન કરવુંજ તે શ્રેષ્ઠ છે. અર્થાત્ પોતાના ગુણ કર્મ પર લક્ષ નહિ આપી અન્ય વર્ણના ઉભરાની માફક થતા ગુણને આધીન થઈ જઈ તે પ્રમાણે ચાલવું તે ઘણું ભયાનક છે એમ આ ગીતા વાક્યનું કહેવું છે. તેને આજે લોકોએ બીજા અર્થમાં લગાડયો છે એમ હું સમજુ છું. નહિં તો સંસાર પિતા એક અને આપણે તેની પ્રજા પણ એકજ અને તેનો ધર્મ પણ એકજ તેમાં વળી એક ધર્મમાંથી બીજા ધર્મમાં જવા જેવું શું હોઈ શકે વેદ ધર્મ એક ધર્મ છે અને તે ધર્મનો સર્વ કોઈ આશ્રય કરી સુખ પામી શકે છે.

હતી ભારત સુખી જ્યારે હતા સૌ વેદની છાંયે,
થયા જ્યારે બહુ પંથો, બીમારીમાં સુતી તોયે
ડુબી છે દુઃખના દરિયે ચહો જો તારવા તેને,
ગ્રહો આશ્રય તે વેદોનો ગ્રહાવો જ્ઞાન નહિ જેને.

મતપંથો ઉભા કરવાથી આપસ આપસ વૈમનસ્ય થાય છે અને આ મારૂં અને આ તારૂં એવો ખોટો ભાવ ઉત્પન્ન થાય છે. જગત પિતાનો તેવો હેતુ નથી ! તેના ન્યાયી રાજ્યમાં ગરીબ અને તવંગર રાજા અને પ્રજા, માતા અને પિતા સર્વ એકજ પ્રકારના લક્ષથી તે મહાકૃપાળુ પ્રભુને પ્રાપ્ત કરે છે.

ગંગારામ—ભાઈ મહાશંકર ! તમારૂં કહેવું સત્ય હશે. પરંતુ આ શ્લોકનો આવો નવો અર્થ કરવાનું શું કારણ છે, અને આપના આ પ્રમાણેના અર્થને ત્યાંના પ્રકરણની સાથે શું સંબંધ છે ?

મહાશંકર—ભાઈ હું જે અર્થ કહું છું તે ત્યાના પ્રકરણને અનુસરીનેજ છે. કારણ કે, મહાભારતના યુદ્ધમાં અર્જુન મહારાજે પોતાના સામે પોતાના ભાઇ, મિત્ર, ગુરૂ ઇત્યાદિને જોયા ત્યારે તેમને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને મહારાજ કૃષ્ણજીને કહેવા લાગ્યા કે મારા સ્નેહીયોની સાથે હું શસ્ત્ર ઉઠાવી તેમનું હનન કરવા ઇચ્છતો નથી. અર્થાત મહારાજ અર્જુનને સ્મશાન વૈરાગ્ય થયો તે સમયે મહાત્મા કૃષ્ણચંદ્ર અર્જુનને ઉપદેશ કરે છે કે હે અર્જુન ! તારા ગુણ-કર્મ સ્વભાવથી તું ક્ષત્રિય છે અને દુષ્ટ કર્મો કરનાર મનુષ્યોને શિક્ષા કરવી તે ક્ષત્રિયોનો ધર્મ છે. તે વિસરી આવો સન્યાસ ધર્મ આગળ કરવામાં આવે છે તે થોડા સમયનો છે અને તે ભયાનક છે. આ પ્રમા-

જેનું ત્યાં પ્રકરણ છે અને તેવોજ અર્થ ત્યાં ઉચિત સમજાશે. તેમ છતાં પણ માનો કે વાક્યનો તમારા કહેવા પ્રમાણેના અર્થ હોય તો પણ આર્યસમાજના સિદ્ધાંતો માટે ધર્મશાસ્ત્રના પ્રમાણસહ આપને ખાત્રી થઇ હશે કે તે આપણા વેદ ધર્મનાજ સિદ્ધાંતો છે. તે આપણી પૂર્વ જાહોજલાલી પ્રાપ્ત કરાવનારજ મંતવ્યો છે. તો પછી તેમાં બીજા ધર્મમાં જવા જેવું શું દેખાય છે? એક સિંહ નાનપણથી બકરીના ટોળામાં ગયો હોય અને તેથી તે પોતાને બકરી સમજતો હોય પરંતુ તેના રૂપ રંગ તરફ જોઇને ચિકિત્સા કરનાર મનુષ્ય આવીને તે સિંહને તેના જાતીભાઇઓનું અને તેનું પોતાનું એક આરસામાં દર્શન કરાવે તો તે સિંહ બકરાનું ટોળું છોડી પોતાને સિંહ સમજી પુનઃ તેના પોતાના ખરા ટોળામાં જશે તેથી તેણે પોતાનો ધર્મ બદલ્યો છે એમ કહેવામાં મોટી ભુલ કરવામાં આવે છે. આપણે અનેક મત પંથોના ટોળામાં ફસાઇ ગયા અને કોઇએ પોતાને શૈવ માન્યો. કોઇએ પોતાને વૈશ્નવ માન્યો, કોઇએ પોતાની દેવી ઉપાસક માન્યો, અને તેમ કરી પોતાના નાના વાડાઓમાં ભરાઇ બેઠા અને પોતાના સ્વરૂપને ભુલતા ગયા. પરંતુ એક મહાન આત્મા, એક આત્મિક બળધારી બ્રહ્મચારી, ધર્મની ખાતર પ્રાણ અર્પણ કરનાર સન્યાસી મહારાજ દયાનંદ આ પવિત્રભુમિપર ઉત્પન્ન થયા. તેણે આ પવિત્રભુમિના આર્ય સંતાનોની સ્થિતિ તપાસી જોયું તો વેદ ધર્મના સિંહો મતપથોના પૌરાણિક વાડામાં બકરાઓની માફક બંધાયલા હતા અને આમથી તેમથી ટપલા ખાઇને બેં બેં કર્યા કરતા હતા. તે મહાત્માએ **ઓરૂમ્** શબ્દથી ગંભીર ગર્જના કરી અને બેં બેં કરતાં બકરાઓને જાગૃત કર્યાં, નિરૂક્તનિઘંટુનો આરસો બતાવ્યો, અને બુદ્ધિ રૂપિ રસીથી કહેવાતા બકરાઓને બાંધી વેદરૂપિ ગુફામાં લઈ જઇ પોતાના અસલ સ્વરૂપનું દર્શન કરાવ્યું જેટલાઓથી દર્શન થઇ શક્યું તેટલાઓ તો એકદમ ચોંક્યા. અને તરત વેદ ધર્મની શીતળ હવા ખાવા લાગ્યા. અને આરામ ભોગવવા લાગ્યા. અને આવી રીતે બનેલા કેટલાક સિંહોએ તો બીજાં ટોળાંઓને આ સુખદાઇ વસ્તુના ભોક્તા બનાવતાં પોતાના પ્રાણની પણ આહુતિ આપી. અને આજ મારા જેવા સામાન્ય મનુષ્યને પણ સદાને માટે તેજ કરી ગયા અર્થ દયાળુ ભગવાન્ ! તે ધર્મવીર મહાત્માઓનું સદાં સર્વદા કલ્યાણ કરો એવી મારી અંતઃકરણપુર્વક પ્રાર્થના છે.

ગોવર્ધનરામ—હવે ગંગારામભાઇ સાંભળો, છે કાંઇ કહેવાનું ?

ગંગારામ—ભાઇ જ્યાં સપાટાબંધ ઉત્તર મળે ત્યાં કહેવાનું શું બાકી હોય. હવે આપણા તો કાનના પડદા ઉઘડયા. આપણા લોટફાકુ ગોરજીઓ પોતાના સ્વાર્થને માટે આપણને ખોટું સમજાવી ઉંધે રસ્તે લઈ જતા હતા પરંતુ હવે તો આર્યસમાજના વિષયમાં તેઓ કાંઈ પણ બોલશે તો તેનું પ્રથમ પ્રમાણ માંગીશું. અને પછી તેના પર બુદ્ધિથી વિચાર કરી આગળ ચાલીશું.

ભાઈ મહાશંકર ! અમે ધર્મ શાસ્ત્રનાં પુસ્તકો વાંચ્યા શિવાય આપની સાથે વિવાદ કર્યો અને આપનો કીમતી સમય લીધો તેને માટે દીલગીર છું તથા આવેશમાં આવી જઇને આપને કાંઈ આડું અવળું કહ્યું હોય તેને માટે મને માફી આપશો.

ગોવર્ધનરામ—હા ભાઇ ગંગારામ ! હું પણ તમારા જેવા મતને મળતો થઇ તેમની પાસે ક્ષમા ઇચ્છું છું.

મહાશંકર—ભાઇઓ ! કાંઇ નહિ એમાં માફી માગવાનું કાંઈ કારણ નથી. આર્યસમાજમાં દાખલ થયા પછી આ અંતઃકરણમાં વારંવાર એમજ થયા કરે છે કે આપણા બંધુઓ વેદ ધર્મના વાસ્તવિક સ્વરૂપને સમજે અને આ લોક અને પરલોકમાં સુખ પ્રાપ્તિ કરે. તેવી ઇચ્છા પૂર્ણ કરતાં મને વારંવાર આવા પ્રસંગો મળે છે; અને તેને માટે હું પરમેશ્વરનો સદા સર્વદા ઉપકાર માનું છું.

ગંગારામ—ભાઇ મહાશંકર ! તમે આજે અમને જે સદ્બોધ આપ્યો છે તેને માટે તમને ધન્યવાદ ઘટે છે. અને તમે જે કાંઇ કહો છો તે બધું સત્ય છે તમારા જીવનને તમે સફળ કર્યું છે અને આજથી અમે આર્ય સમાજના સેવક છીએ એમ તમારા મનને નક્કી સમજશો.

ગોવર્ધનરામ—પ્રિય બંધુ હું પણ આપનો આભાર માનું છું. ધન્ય છે આર્ય સમાજના સ્થાપક મહર્ષિ દયાનંદને કે તેણે અગાધ પરિશ્રમ કરી અનેક પ્રકારનાં દુઃખો ઉઠાવી આપના જેવાને વેદ ધર્મ માર્ગ પર ચઢાવ્યા કે જેથી આજ અમને તે અવસરનો લાભ મળ્યો. હું આજથી પ્રતિજ્ઞા કરૂં છું કે આર્યસમાજનો દાસ બની હવે પછી મારા સમાગમમાં આવનાર સર્વને આ વિષયને બુદ્ધિપૂર્વક સમજાવી તેમના આ મુક્તિદાયક પંથપર લાવવાની કોશેષ કરીશ. પરમેશ્વર મને તેવું બળ પ્રદાન કરે.

મહાશંકર—બંધુઓ ચાલો આપણે આ સંસારના કલ્યાણાર્થે પોતાનું જીવન અર્પણ કરનાર મહાત્માના ગુણાનુવાદ ગાઇએ અને ત્યારબાદ આવા શુભ સમાગમને માટે પરમેશ્વરની પ્રાર્થના કરીયે પરંતુ ભાઇ ગંગારામ ! હવે તો આપને મારા કહેવાપર આશાશીશી ચઢે તેમ નથીને ?!

ગંગારામ—નહિં ભાઇ નહિં એ વાત જવા દો. અને તે મહાત્મા દયાનંદ ઋષિના ગુણાનુવાદ સંભળાવો.

મહાશંકર—હા. બંધુઓ સાંભળો.

(રસીયા ગિરધારી સુંદિરશ્યામ હો તજી અમને મથુરાનાવાસી
આવા નબનીએજી—એ રાગ.)

કીધાં જનસુખનાં સુંદિર કામ દયા ધરી મનમે,
દયાનંદ સ્વામી સ્નેહે પ્રણમીએ.................રે.
ભારત ભીખારી ભાળી તુજ તન ત્રાસ્યુરે,
દીધા સંસારી સુખ ત્યાગી— સુંદિર કામ૦
ચેતન ચીતમાં ચોટાડી જડની જડ તોડીરે,
પડદો પાપોનો દીધો ખોલી— સુંદિર કામ૦
સંધ્યા જપ તપની રૂઢી ગુરૂજીની સેવારે,
ભારત પુત્રોમાં પ્રગટાવી— સુંદિર કામ૦
સરવે સુખોનું સાધન ગુરૂકુળ સ્થાપ્યુરે,
છેવટ વિષયાને દેહ ત્યાગી— સુંદિર કામ૦
અગણિત ઉપકારે સ્વામી અમને ડુબાવ્યા છે,
પ્રેમે નમસ્તે લ્યો સ્વીકારીરે— સુંદિર કામ૦

ॐ सहनाववतु सहनौ भुनक्तु सह वीर्यं करवावहै । तेजस्विना वधीतमस्तु मा विद्विषावहै.

ओ३म् शान्तिः शान्तिः शान्तिः

ઓ૩મ્.

આર્ય સમાજના નિયમ.

૧. સર્વ સત્ય વિદ્યા અને જે પદાર્થ વિદ્યાથી જાણવામાં આવે છે તે સર્વનું આદિ મૂલ પરમેશ્વર છે.

ઈશ્વર સચ્ચિદાનન્દ સ્વરૂપ, નિરાકાર સર્વશક્તિમાન્, ન્યાયકારી, દયાળુ, જન્મા અનંત, નિર્વિકાર, અનાદિ, અનુપમ, સર્વાધાર સર્વેશ્વર, સર્વ-વ્યાપક, સર્વાન્તર્યામી, અજર, અમર, અભય, નિત્ય, પવિત્ર, અને સૃષ્ટિકર્તા છે; એની ઉપાસના કરવી યોગ્ય છે.

૩. વેદ સત્ય વિદ્યાઓનું પુસ્તક છે. વેદનું ભણવું ભણાવવું અને સાંભળવું, સંભળાવવું એ સર્વ આર્યોનો પરમધર્મ છે.

૪. સત્યનું ગ્રહણ કરવામાં અને અસત્ય છોડવામાં સર્વદા ઉદ્યત રહેવું જોઇએ.

૫. સર્વ કામ ધર્માનુસાર અર્થાત્ સત્ય તથા અસત્યનો વિચાર કરીને કરવાં જોઇએ.

૬. સંસારનો ઉપકાર કરવો એ આ સમાજનો મુખ્ય ઉદ્દેશ છે. અર્થાત્ શારીરિક, આત્મિક અને સામાજીક ઉન્નતિ કરવી.

૭. સર્વ સાથે પ્રીતિપૂર્વક ધર્માનુસાર યથાયોગ્ય વર્તવું જોઇએ.

૮. અવિદ્યાનો નાશ અને વિદ્યાની વૃદ્ધિ કરવી જોઇએ.

૯. પ્રત્યેક જણે પોતાની ઉન્નતિથી સંતુષ્ટ ન રહેવું જોઇએ પરંતુ સર્વની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ સમજવી જોઇએ.

૧૦. સર્વ મનુષ્યોએ સામાજીક સર્વહિતકારી નિયમ પાળવામાં પરતંત્ર રહેવું જોઇએ, અને પ્રત્યેક હિતકારી નિયમમાં સ્વતંત્ર રહેવું જોઇએ.